

અંક-૨
ખંડ-૮
ઑગસ્ટ ૨૦૧૯

## કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

### કૃષિ ઉદય...

## સારા વરસાદના કારણે કઠોળના વાવેતરમાં વધારો.....

કેટલાંક આધારભૂત સૂત્રોએ જણાવેલ છે કે મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં સોયાબીન હેઠળનો કેટલોક વિસ્તાર આ ખરીફ સિઝનમાં-૨૦૧૭ કઠોળના પાક તરફ વળી શકે છે. કર્ણાટકમાં પણ ખેડૂતો વધુ વિસ્તાર કઠોળ હેઠળ રાખવા માંગે છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં નૈઋત્યનું મજબૂત ચોમાસું સામાન્ય કરતાં ૩૫ ટકા વધુ વરસાદ હોવાના કારણે કઠોળ હેઠળ વધુ વિસ્તાર લાવવામાં મદદ કરી છે. મધ્યપ્રદેશમાં જુલાઈના પ્રથમ સપ્તાહ સુધી ગયા વર્ષના આ જ સમયગાળાની સરખામણીમાં વધારાની ૧.૪ લાખ હેક્ટર વિસ્તાર કઠોળ હેઠળ જોવા મળેલ છે. કર્ણાટક અને રાજસ્થાનમાં ગયા વર્ષ કરતાં આ સમયે ૫.૧૪ અને ૨.૩૧ લાખ હેક્ટર જેટલો વધારાનો વિસ્તાર કઠોળ હેઠળ આવ્યો છે. એકંદરે, કઠોળ હેઠળ કુલ વિસ્તાર ૪.૫૯ મિલિયન હેકટરની આસપાસ છે કે જે ગયા વર્ષ કરતાં ૨૯ ટકા વધુ રહેશે.

આજ સમયે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં સોયાબીનની વાવણી ગયા વર્ષ કરતાં અનુક્રમે લગભગ ૯.૫, ૮.૫ અને ૧.૫ લાખ હેક્ટર કરતાં ઓછી છે. પરંતુ ઉદ્યોગ જગતને લાગે છે કે આ વર્ષે સોયાબીન હેઠળ વાવેતરનો જે વિસ્તાર હતો તે ૫-૧૫ ટકા જેટલો વિસ્તાર આ વર્ષે કઠોળ તરફ ઢળી શકે છે. ૨૦૧૫-૧૬માં ૧૧ મિલિયન હેક્ટરમાં સોયાબીનનું વાવેતર કરવામાં આવ્યું હતું.

જો આજ વલણ ખરીફ વાવણી સિઝનના અંત સુધી જળવાઇ રહેશે તો તે ભારતીય ખેતીની પાકની તરાહમાં એક મોટો નોંધપાત્ર ફેરફાર ચિહ્નિત થશે અને કંઈક અંશે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) અને બાંયધરી ખાતરી પ્રાપ્તિ એકત્ર (પ્રોક્યુરમેન્ટ) દ્વારા કઠોળ ઉત્પાદનમાં વધારો કરવા માટે કેન્દ્ર સરકારના પ્રયત્નોને સમર્થન મળશે. પંજાબમાં પણ એવા અહેવાલો છે કે કપાસ હેઠળની જમીન કઠોળ તરફ વળી છે કારણ કે ખેડૂતો ૨૦૧૫ માં સફેદ ઇયળના હુમલાના પુનરાવર્તનના ભયથી આ નિર્ણય લઇ શકે છે.

એકંદરે, ૧ લી જુલાઈથી દક્ષિણ-પશ્ચિમના ચોમાસાની મજબૂત શરૂઆતને ખરીફ

અદ્યક્ષ:
ડૉ. નિખીલ ઝવેરી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website:
www.aercspu.ac.in

પાકોની વાવણીને કારણે ખાસ કરીને, મધ્ય, પશ્ચિમ અને પૂર્વ ભારતમાં થઇ છે કે જે ગયા વર્ષના કરતાં આશરે ૬ ટકા વાવેતર વિસ્તારમાં ઘટાડો દર્શાવે છે. ૨૦૧૫ માં છેલ્લા સપ્તાહ સુધી થયેલ વાવેતર વિસ્તાર કરતાં આ વર્ષે ૨૩ ટકા વાવેતર ઓછું છે. જુલાઈના બીજા સપ્તાહમાં ૪૦.૭ મિલિયન હેકટર વિસ્તાર ખરીફ પાક હેઠળ જોવા મળ્યો છે કે જે ગત વર્ષે આજ સમયગાળામાં ૪૩.૨ મિલિયન હેકટર જેટલો હતો.

### TRACKING KHARIF SOWING

Kharif crop acreage till July7, 2016 (in mn hectares)

| Crops | 2015-16 | 2016-17* | Y-o-Y change (%) |
|---|---|---|---|
| Rice | 7.73 | 8.19 | 5.98 |
| Pulses | 3.64 | 4.59 | 26.00 |
| Coarse cereals | 7.78 | 7.50 | -3.57 |
| Oilseeds | 10.11 | 8.22 | -18.65 |
| **Total** | **43.18** | **40.62** | **-5.92** |

Note: Total might not match as all crops have not been included
*Till July 7 Source: Ministry of Agriculture

## ડીએપી અને એમઓપી ખાતરની મહત્તમ છૂટક ભાવ ઘટશે.....





દેશમાં ખેડૂતો માટે સારા સમાચાર છે કે કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ મંત્રાલયે એક એવી જાહેરાત કરી હતી કે સરકારની પ્રગતિશીલ નીતિઓને કારણે યુરિયા, ડીએપી, એમઓપી, એનપીકે વગેરે તમામ જરૂરી ખાતરોની દેશમાં ઉપલબ્ધતા છે. આવતા ખરીફ સિઝન માટે સમગ્ર દેશમાં રાસાયણિક ખાતરની અછત ન ઉભી થાય અને ખેડૂતો કોઇ પણ આશંકા વિના તેમના પાકની વાવણી કરવાનું આયોજન કરી શકે તે માટે શકય તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાસાયણિક ખાતરના અગ્રણી ઉત્પાદકો સાથેની વિભાગની બેઠકમાં એ બાબત પર ભાર મૂક્યો હતો કે ડીએપી અને એમઓપીના ભાવમાં ઘટાડો કરી ખેતી ખર્ચમાં ઘટાડો કરી તેનો લાભ ખેડૂતો ચોક્કસ મેળવી શકશે. મુખ્ય જાહેર ક્ષેત્રના ખાતર ઉત્પાદકો જેવાં કે રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ (આરસીએફ), નેશનલ ફર્ટિલાઇઝર્સ લિમિટેડ (એનએફએલ) નક્કી કર્યુ છે કે ડીએપી ખાતરની કિંમત રૂ. ૨૫૦૦ PNT અને એમઓપી ખાતરની કિંમત રૂ. ૫૦૦૦ PNT તેની એમઆરપીથી તાત્કાલિક નીચે લાવવા માટે નિર્ણય લીધો છે. તેથી હવે એમઓપીની ૫૦ કિલોની બેગ દીઠ રૂ. ૨૫૦ અને ડીએપીની ૫૦ કિલોની બેગ દીઠ રૂ. ૧૨૫ જેટલો ઘટાડો આવશે. મંત્રાલયે એમ જણાવ્યું હતું કે કંપનીના એમઓપી, ડીએપી અને એનપીકે ખાતર ઉત્પાદન દ્વારા ખેડૂતોને મહત્તમ લાભની ખાતરી કરાવવા માટે તેઓએ વિભાગને નિર્દેશન કર્યું છે કે આવી બેઠકો નિયમિત અંતરાલે બોલાવવામાં આવવી જોઇએ.

આપણા દેશમાં ખેડૂતો વાર્ષિક સરેરાશ લગભગ ૧૦૦ લાખ મેટ્રીક ટન ડીએપી, ૨૫ લાખ મેટ્રીક ટન એમઓપી અને ૯૦ લાખ મેટ્રીક ટન એનપીકે ખાતર વપરાશ કરે છે. કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ મંત્રાલયના છેલ્લાં ૧૫ વર્ષમાં સૌપ્રથમ વખત સક્રિય પગલાંઓ દ્વારા ડીએપી, એમઓપી અને એનપીકે ખાતરનો ભાવ નોંધપાત્ર રીતે ઘટાડવા દર્મિયાનગીરી કરી છે અને તેના કારણે રૂ. ૪૫૦૦ કરોડ જેટલો વાર્ષિક લાભ ખેડૂતોને સીધેસીધો મળેલ છે.

સરકારે જમીન બચાવો-કિસાન બચાવો, દ્વારા પી એન્ડ કે રાસાયણિક ખાતરનો આ ભાવ ઘટાડો ખેડૂતોને લાંબા ગાળે જમીન આરોગ્ય સુધારવા અને ખાતરોનો સંતુલિત ઉપયોગ કરવા તરફ દોરી જશે.

## મોઝામ્બિક સાથે લાંબા ગાળાના કરારથી કઠોળની આયાતને કેબિનેટ મંજૂરી...

કેન્દ્રીય કેબિનેટની કમિટીએ ખાનગી ચેનલોથી અથવા સરકાર પાસેથી સરકાર (G2G) કઠોળની આયાત કરી શકે અને તેનું રાજ્યની એજન્સીઓ દ્વારા વેચાણ કરવા માટે મોઝામ્બિક (દક્ષિણ પૂર્વ આફ્રિકામાં દેશો) સાથે સમજૂતી કરાર (એમઓયુ) લાંબા ગાળા માટે કરવા મંજૂરી આપી, આ કરારનો મુખ્ય ઉદ્દેશ મોઝામ્બિકમાં તુવેર અને અન્ય કઠોળ પાકોનું ઉત્પાદન વધારો કરવા માટેના પ્રોત્સાહનો આપી કઠોળનો વેપાર વધારવાનો છે. આ એમઓયુ ભારતમાં મોઝામ્બિકથી તુવેર અને અન્ય કઠોળ પાંચ નાણાંકીય વર્ષ માટે માટે આયાત કરી શકશે. ૨૦૧૬-૧૭ માં ૧ લાખ ટનથી ૨૦૨૦-૨૧માં ૨ લાખ ટન કઠોળનો



વેપાર બમણો કરવાનો હેતુ છે. આ એમઓયુ ભારતમાં કઠોળની સ્થાનિક ઉપલબ્ધતામાં વધારો કરશે અને તેના ભાવ સ્થિર રાખવામાં મદદરૂપ બનશે.

દેશમાં વર્ષ ૨૦૧૫-૧૬માં કઠોળનું કુલ ઉત્પાદન ૧૭ મિલિયન ટન હોવાનો અંદાજ મૂકેલો છે જ્યારે કઠોળની સ્થાનિક જરૂરિયાતો પૂરી કરવા માટે ૫.૭૯ મિલિયન ટન કઠોળની આયાત કરવામાં આવશે. જો કે, દેશમાં કઠોળની કુલ ઉપલબ્ધતામાં સ્થાનિક ઉત્પાદન અને આયાતનો પણ સમાવેશ થાય છે જે જરૂરિયાતો કરતાં ઓછી છે તેથી જ વર્ષ ૨૦૧૫-૧૬ અને ચાલુ વર્ષ કઠોળના ભાવમાં વધારો થતો રહ્યો છે. કઠોળની જરૂરિયાતને પહોંચી વળવા અને વર્તમાન માંગને પહોંચી વળવા સરકારે કઠોળની ખાતરી માટે પ્રયત્નો કરી મોઝામ્બિક સાથે બેઠકમાં લાંબા ગાળાના માટે (G2G) વ્યવસ્થા દાખલ કરવા નિર્ણય લીધો છે. મોઝામ્બિક સાથે આ એમઓયુ પર થયેલ હસ્તાક્ષર અન્ય દેશો સાથે એમઓયુ કરવામાં મદદરૂપ બનશે.

## ૨૦૧૫-૧૬માં સૌથી વધારે યુરિયાનું સ્થાનિક ઉત્પાદન...




કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ (DAC & FW) વિભાગે કરેલાં રાજયો સહિત રાસાયણિક ખાતરનાં વપરાશ અંગેના અંદાજો મુજબ ખાતર વિભાગ, ભારત સરકાર રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને તમામ સબસિડી હેઠળનાં રાસાયણિક ખાતરો પર ફરજિયાત સબસીડી આપશે. રાસાયણિક ખાતરની માંગ અને સ્થાનિક ધોરણે ઉત્પાદિત થતાં પુરવઠા વચ્ચેના તફાવત મુજબ યુરિયાની આયાત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં, દેશમાં સ્થાનિક કક્ષાએ યુરિયાનું મહત્તમ ઉત્પાદન થયુ હતું. યુરિયાના વધતાં જતાં ઉત્પાદનથી યુરિયાની આયાતો ધીમે ધીમે ઘટતી જાય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં જુદા જુદા મુખ્ય રાસાયણિક ખાતરોની જરૂરિયાત/માંગ, ઉત્પાદન અને આયાતની વિગતો બાજુમાં આપવામાં આવી છે.

(આંકડા લાખ મિલિયન ટન)

| રાસાયણિક ખાતરનું નામ | જરૂરિયાત/ઉત્પાદ્દન/ આયાત | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|
| યુરિયા | જરૂરિયાત / માંગ | ૩૧૬.૯૦ | ૩૦૬.૭૧ | ૩૧૩.૩૫ |
| | ઉત્પાદ્દન | ૨૨૭.૧૫ | ૨૨૫.૮૫ | ૨૪૪.૭૫ |
| | આયાત | ૭૦.૮૮ | ૮૭.૪૯ | ૮૪.૭૪ |
| ડીએપી | જરૂરિયાત / માંગ | ૧૦૯.૮૬ | ૯૫.૯૪ | ૧૦૨.૩૪ |
| | ઉત્પાદ્દન | ૩૬.૧૧ | ૩૪.૪૪ | ૩૭.૮૭ |
| | આયાત | ૩૨.૬૧ | ૩૮.૫૩ | ૬૦.૦૮ |
| એનપીકે | જરૂરિયાત / માંગ | ૧૦૭.૩૬ | ૯૯.૮૧ | ૧૦૫.૮૯ |
| | ઉત્પાદન | ૬૯.૧૩ | ૭૮.૩૨ | ૮૩.૦૧ |
| | આયાત | ૩.૬૨ | ૨.૯૧ | ૬.૨૯ |
| એમઓપી | જરૂરિયાત / માંગ | ૩૫.૧૩ | ૩૦.૨૬ | ૩૬.૦૮ |
| | ઉત્પાદન | ૩૧.૮૦ | ૪૧.૯૭ | ૩૨.૪૩ |

## ખેડૂતોને ટૂંકી મુદતનું કૃષિ ધિરાણ પૂરી પાડવા તમામ બેંકોને વ્યાજ પર આર્થિક સહાય..

કેન્દ્રીય કેબિનેટે ૨૦૧૬-૧૭ના વર્ષ માટે ખેડૂતો માટે વ્યાજ પર આર્થિક સહાય યોજનાને મંજૂરી આપી છે. આ હેતુ માટે સરકારે રૂ. ૧૮૨૭૬ કરોડ રકમની ફાળવણી કરી છે. આ યોજનાથી ખેડૂતોને દર વર્ષે માત્ર ૪ ટકાના વ્યાજના દરે રૂ. ૩ લાખ સુધી કૃષિ ધિરાણ મળશે કે જે ટૂંકા ગાળાના કૃષિ ધિરાણને એક વર્ષમાં ભરપાઇ કરવામાં મદદ કરશે. આ યોજનાની વિશેષતાઓ નીચે પ્રમાણે છે:



a) વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ખેડૂતોને એક વર્ષની મર્યાદની (ટૂંકા ગાળાની) કૃષિ ધિરાણ રૂ. ૩ લાખ સુધી મેળવશે તો તેની પર વાર્ષિક ૫ ટકાના દરે આર્થિક સહાય કેન્દ્ર સરકાર પૂરી પાડશે. જો ખેડૂતો આ લોન સમયસર ભરપાઇ ન કરી શકે તો તેમને વ્યાજ દર પર ૫ ટકાના બદલે ૨ ટકા આર્થિક સહાય મળશે.

b) કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૬-૧૭ માટે વ્યાજરૂપી આર્થિક સહાય માટે લગભગ રૂ ૧૮૨૭૬ કરોડ અપાઈ.

c) આર્થિક સહાય આપવાના ભાગરૂપે

સરકાર નાના અને સીમાંત ખેડૂતો જેઓ પાકની કાપણી કર્યા પછી પાક સંગ્રહ માટે ૯ ટકાના દરે ટૂંકા ગાળાની ધિરાણ મેળવી હોય તેમને ૭ ટકાના દરે ૬ માસ માટે કૃષિ ધિરાણ  કેન્દ્ર સરકાર મંજૂર કરી ૨ ટકા આર્થિક સહાય અપાઈ.

d) કુદરતી આપત્તિઓથી અસરગ્રસ્ત ખેડૂતોને સહાય કરવા માટે કેન્દ્ર સરકાર બેંકોને પ્રથમ વર્ષે ૨ ટકા આર્થિક રાહત આપશે જેથી ખેડૂતો તેમનાં માળખાની પુનઃ રચના કરી શકશે.

## તુવેરના ભાવ મજબૂત રહેવાની સંભાવના...

ભારત તુવેરનો સૌથી મોટો ઉત્પાદક અને ઉપભોક્તા દેશ છે, જે વૈશ્વિક ઉત્પાદનમાં ૭૦ ટકા યોગદાન આપે છે. દેશમાં છેલ્લા બે વર્ષથી નબળા ચોમાસાને કારણે, તુવેરનું ઉત્પાદન ઘટીને ૨૦૧૫-૧૬માં ૨૬ લાખ ટન જેટલું થવાનો અંદાજ છે (ત્રીજા આગોતરા અંદાજ, તા.૦૯/૦૫/૨૦૧૬) જે ૨૦૧૪-૧૫માં ૨૮.૧ લાખ ટન અને ૨૦૧૩-૧૪માં ૩૧.૭૪ લાખ ટન હતુ. સને ૨૦૧૫-૧૬માં, દેશમાં કુલ કઠોળનું ઉત્પાદન ૧૭૦.૬ લાખ ટન થવાનો અંદાજ છે, જે બે વર્ષ અગાઉ ૧૯૨.૫ લાખ ટન હતુ. તેના લીધે તુવેરનાં ભાવ કે જે માર્ચ-૨૦૧૪માં રૂ ૮૦૦ પ્રતિ મણ (૨૦ કિગ્રા) હતા, તે વધીને માર્ચ, ૨૦૧૫માં રૂ.૧૧૦૦ પ્રતિ મણ અને ત્યાર બાદ ઝડપથી વધીને મે-૨૦૧૬માં રૂ.૧૬૦૦ પ્રતિ મણ જેટલા ગુજરાતના વિવિધ બજારોમાં પ્રવર્તમાન હતા. જેથી સને ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં અનુક્રમે ૫.૭૫ અને ૪.૬૩ લાખ ટન જેટલી તુવેરની આયાત કરવામાં આવેલ હતી. કુલ કઠોળની આયાત વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૬.૫૫ લાખ ટનથી વધીને ૨૦૧૪-૧૫માં ૪૫.૮૫ લાખ ટન અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૫૭.૯૦ લાખ ટન થવા પામી હતી.



ગુજરાતમાં તુવેરનું મુખ્યત્વે દક્ષિણ ગુજરાત વિસ્તારમાં વાવેતર કરવામાં છે. વર્ષ ૨૦૧૫-૧૬માં દક્ષિણ ગુજરાતમાં ૨.૨૮ લાખ હેક્ટરમાં તુવેરનું વાવેતર થયેલ અને અંદાજે ૨.૩૮ લાખ ટન જેટલું ઉત્પાદન મળેલ, જ્યારે ગત વર્ષે ૨.૧૪ લાખ હેક્ટરમાં તુવેરનું વાવેતર અને ૨.૩૫ લાખ ટન ઉત્પાદન મળ્યું હતુ. સને ૨૦૧૬-૧૭ના વર્ષે ખરીફ ઋતુમાં સરકારે તુવેરના ટેકાના ભાવ વધારીને રૂ. ૧૦૧૦ પ્રતિ મણ નક્કી કરેલ છે (રૂ.૫૦૫૦ પ્રતિ  ક્વિન્ટલ), જે ગત વર્ષ કરતા રૂ. ૮૫ વધારે છે, જે ખેડૂતોને તુવેરનું વાવેતર વધારવા માટે પ્રોત્સાહનરૂપ બનવાના સંકેત આપે છે. અનાજ, કઠોળ અને તેલીબિંયાની ટેકાના ભાવે ખરીદી કરવા ભારતીય ખાદ્ય નિગમ મધ્યવર્તી સંસ્થા તરીકે નોડેલ એજન્સી તરીકે કામ કરશે. ઉપરાંત આ વર્ષે સામાન્યથી સારા ચોમાસાની સંભાવના અને પ્રવર્તમાન માસમાં પ્રવર્તતા ઉંચા ભાવ, દેશમાં ગુજરાત સહિત ખેડૂતો તુવેરના પાકનો વિસ્તાર વધારવા તરફ પ્રેરાશે.

ઉપરોક્ત તમામ મંતવ્યોને ધ્યાનમાં લઇને કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની એક સંશોધન ટીમે દાહોદ માર્કેટના તુવેરના પાછલા વર્ષોના માસિક ભાવોનું પૃથ્થકરણ કરેલ છે. તેના તારણ મુજબ તુવેરનો ભાવ ફેબ્રુઆરી થી માર્ચ-૨૦૧૭ માં કાપણીના સમય દરમ્યાન રૂ. ૧૧૦૦ થી  ૧૨૦૦  પ્રતિ મણની આસપાસ રહેવાની સંભાવના છે. આથી ખેડૂત વર્ગ ઉપરોક્ત ભાવને ધ્યાનમાં રાખીને પોતાની રીતે નિર્ણય કરી અનુકૂળતા મુજબ તુવેરનો વાવેતર વિસ્તાર નક્કી કરી શકે છે. મગફળીના પાકમાં બે હાર મગફળી અને એક હાર તુવેરની એમ (મગફળી-તુવેર ૨:૧ પ્રમાણ) મિશ્ર પાક તરીકે તુવેરનું વાવેતર કરવાથી ખેતીમાં જોખમ ઘટાડી અને વધારે આવક મેળવી શકાય છે.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

DOI : August - 5, 2016

મોકલનાર:
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Acknowledged the information used/taken from the public domain

Lajja : 02692-233864